# ગિજુભાઈની બાળવાર્તાઓ : એક પુનઃઅવલોકન/મમતા પંડ્યા

**નિરીક્ષકના** છેલ્લા થોડા અંકોમાં બાળસાહિત્ય વિષે ચર્ચા ચાલી રહી છે.ચર્ચામાં આજના સંદર્ભમાં ગિજુભાઈની બાળવાર્તાઓનું સ્થાન અને યોગ્યતા અંગે જે ચિંતા અને નિસબત વ્યક્ત થયાં છે, તે જરૂરી અને પ્રસ્તુત છે.

૧૯૨૯માં પહેલી વાર પ્રકાશિત, પાંચ નાનકડાં પુસ્તકોની શ્રેણીમાં ૧૦૬ વાર્તાઓના સંકલનની આજે ૨૦૧૭માં જ્યારે ફરી મુલાકાત લઈએ, ત્યારે ૮૮ વર્ષપહેલાં, આ વાર્તાઓ કયા સમય, સંદર્ભ અને કયા ઉદ્દેશ્યથી લખી હતી, તે પણ યાદ કરીએ, તો કદાચ વર્તમાન ચર્ચિત મુદ્દાઓ અંગે થોડી સ્પષ્ટતા થઈ શકે.

૧૯૨૦નાં દશકની શરૂઆતનાં વર્ષોમાં જ્યારે ગિજુભાઈ દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં જોડાયા અને બાળશિક્ષણના પ્રયોગો શરૂ કર્યા ત્યારે બંધબેસતું બાળસાહિત્ય બહુ ઓછું હતું; અને તેનું બાળકોના શિક્ષણ સાથે જોડાણ ન હતું.બાળકેન્દ્રી કેળવણી અને બાળમનને રુચે,અને સાથે સાથે ઘડે, તેવા સાહિત્યની જરૂરિયાત તેમણે જોઈ.બાળકેન્દ્રી અભિગમના પ્રયોગો કરતાં ગિજુભાઈને ખાતરી થઈ કે બાળકની આવી સર્વાંગી કેળવણીને અમલમાં મૂકવા વાર્તાઓ, જોડકણાં, રમતો અને ગીતો મોટો ભાગ ભજવી શકે.

જે વાર્તાઓમાં પ્રધાનપણે બાળકો જ મજા લઈ શકે છે, તે વાર્તાઓ બાળવાર્તાઓ છે. સાદી અને ટૂંકી વાર્તાઓ બાળકોને અત્યંત પ્રિય છે.પોતાની આસપાસ બનતા બનાવોનું પ્રતિબિંબ, પશુપક્ષીઓનો વ્યવહાર, ટૂંકાં અને જલદી મોઢે થઈ જાય અને વારંવાર બેવડાય એવાં જોડકણાં વગેરે બાળવાર્તાઓનાં લક્ષણો છે. આપણી ભાષામાં આવી વાર્તાઓના સંગ્રહો બહુ થોડા છે.વાર્તાને બાળવાર્તા કહેવાથી તે બાળવાર્તા બની નથી જતી. (વાર્તાનું શાસ્ત્ર-ખંડ બીજો,લોકવાર્તાનું સાહિત્ય ૧૨૦)

બાળકો માટે વાર્તાની પસંદગીના નિયમો બાંધીએ તે પહેલાં આપણે બાળકોને, તેની વૃત્તિને તેમજ તેની દુનિયાને જાણવી જોઈએ. આપણે આપણી દૃષ્ટિથી બાળજીવનના વ્યવહારનું નિર્માણ કરીએ, તો બાળકોનો થોડા જ વખતમાં નાશ થાય. બાળક સંપૂર્ણ માનુષ છે, એ વાત ખરી છે, છતાં એ સંપૂર્ણતા બીજ રૂપે છે. આથી જ વૃક્ષ માટે જે આબોહવા અને ખાતરની જરૂર છે, તે આબોહવા અને ખાતર બીજ માટે હંમેશાં આરોગ્યવાહક નથી. (વાર્તાનું શાસ્ત્ર-ખંડ પહેલો,વાર્તાની પસંદગી ૨૯)

આમ, તેમના બાળકેળવણીના બહોળા કાર્યમાં ગિજુભાઈ બાળસાહિત્યને એક અસરકારક અને અગત્યનું સાધન માનતા હતા; સાહિત્યકાર અને કેળવણીકાર ગિજુભાઈ એક બીજ સાથે ગાઢ રીતે ગૂંથાયેલા છે.

સાહિત્યકાર ગિજુભાઈના ઘડતરમાં કેળવણીકાર ગિજુભાઈનો ફાળો ખૂબ છે. ગિજુભાઈ કેળવણીકાર કે શિક્ષક ન હોત, તો એ બાળસાહિત્યના સર્જક-ચિંતક પણ ન હોત. (શ્રદ્ધા ત્રિવેદી-આપણું બાળસાહિત્ય અને ગિજુભાઈ ૩૨૦,-૩૨૩, ગિજુભાઈ-જીવન અને કાર્ય)

પણ એવું સાહિત્ય ક્યાં હતું? ગિજુભાઈ બધી વાર્તાઓ લખવા ન બેઠા; દેશના જુદાજુદા પ્રાંતોનાં લોકસાહિત્યમાંથી, ઇતિહાસપુરાણમાંથી, અને ઘરેઘરે કહેવાતી વાર્તાઓ તેમણે એકઠી કરવાનું શરુ કર્યું.બાળવાર્તા એકઠી કરવાના આ કામમાં તેમના બાલમંદિરના સાથીદારોની મદદ લીધી. અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ તેમજ અધ્યાપકોને ગિજુભાઈએ ઘેરઘેર પ્રચલિત લોકવાર્તાઓમાંથી બાળકોને ગમે તેવી વાર્તાઓ વીણી લાવવા કહ્યું. 'મોંઘી, કાલે એક-બે બાળવાર્તાઓ સાંભળી આવજેને. આપણે બાળકોને કહીશું, મોંઘીબહેન બીજા દિવસે બે-ત્રણ વાર્તાઓ આડોશપાડોશમાંથી સાંભળતાં આવે. તારાબહેન મોડક અને નાનાભાઈ ઈતર ભાષાઓમાંથી વાર્તાઓ લાવ્યાં. ગિજુભાઈ પાસે બાલમંદિરમાં કન્નડ પટાવાળો હતો. ગિજુભાઈએ તેને પણ પૂછ્યું "રંગાભાઈ, તમારા ઘરમાં બાળકોને કઈ વાર્તાઓ કહો છો? મને કહો, આપણે બાલમંદિરમાં બાળકોને કહીશું.(ભારતલાલપાઠક બાલોપનિષદ-ગિજુભાઈની બાલવાર્તાઓ ૩૫૯માં ગિજુભાઈ-જીવન અને કાર્ય)

તેમનું પોતાનું વાચન પણ બહોળું હતું; દેશવિદેશની લોકપ્રિય વાર્તાઓ પણ ભેગી કરી. આવી રીતે વાર્તાઓનાં પ્રાપ્તિસ્થાન અનેક અને વિવિધ હતાં. એકઠી કરેલી સામગ્રીના ભંડોળમાંથી તેમણે યોગ્ય ઘટકોનું ચયન કર્યું અને તેને બાળકો ભોગવી શકે, તેવા રૂપમાં પીરસવા માટે તૈયાર કર્યું.

ગિજુભાઈએ ક્યાંય એવો દાવો નથી કર્યો કે બધી વાર્તાઓના સર્જક તે પોતે હતાં. પણ તેનું બાળપ્રિય રૂપાંતર તેમને હાથે થયું. અને એ ગિજુભાઈની વાર્તાઓ તરીકે પ્રચલિત થઈ ગઈ.

વાર્તાઓનું સંકલન કરતાં કરતાં ગિજુભાઈ વાર્તાકળાનાં અનેક પાસાંઓ ઉપર વિચારતા થયા—વાર્તાઓના પ્રકાર,વાર્તાનું યોગ્ય ચયન, વાર્તા કેવી રીતે કહેવી, ક્યારે કહેવી, શું ન કહેવું. આ પાસાંઓ, અને તેમના પોતાના અનુભવોના આધાર ઉપર, વાર્તાઓ એકઠી કરવાની અને તેના રૂપાંતરની પ્રક્રિયા વિષે તેમણે વિગતપૂર્વક લખ્યું. 'વાર્તાનું શાસ્ત્ર' શીર્ષક હેઠળ આ પુસ્તક બે ખંડમાં ૧૯૨૫માં પ્રકાશિત થયું.

'વાર્તાનું શાસ્ત્ર'માં ઘણી જગ્યાએ તેમણે લખ્યું છે કે વાર્તાઓના પુનર્કથનની પ્રક્રિયા દરમિયાન મુખ્ય હેતુ એ હતો કે વાર્તાઓ બાળકોના સર્વાંગી વિકાસમાં પણ ઉપયોગી રહે. આજે જે પ્રશ્નો ઉપર ચર્ચા ચાલી રહી છે, તે જ પ્રશ્નો ઉપર ગિજુભાઈએ પોતે વાર્તાનું શાસ્ત્રમાં મંથન કર્યું છે.

..જ્યાં વાર્તાઓ અનેકવિધ છે ને તેને સાંભળનારા અનેક રુચિવાળા છે, ત્યાં કેવી વાર્તાઓ કહેવી અને કેવી વાર્તાઓ ન કહેવી, એ પ્રશ્નનો ઉકેલ કરવો આવશ્યક તેમજ મુશ્કેલ છે. એક વાત તો દીવા જેવી ઉઘાડી છે કે બધી વાર્તાઓ કહેવા યોગ્ય નથી હોતી.(વાર્તાનું શાસ્ત્ર, ખંડ પહેલો, વાર્તાની પસંદગી, પૃ. ૨૫)

...આ બધી વાર્તાઓમાંથી કઈ વાર્તાઓ લેવી અને કઈ વાર્તાઓ ન લેવી, એનો નિર્ણય કરવાનું કામ ઘણી કુશળતાથી કરવાનું છે. અહીં આપણે એક બાબતનો વિચાર કરવાનો છે. આપણે બાળકોને વાર્તા કહેવા માગીએ છીએ પણ તે પ્રથમતઃ શુદ્ધ અને નિર્દોષ આનંદ આપવા માટે જ. બેશક આપણો ઉદ્દેશ પ્રથમતઃ આટલો જ છે, છતાં વાર્તાઓ બાળકના જીવનને એક રીતે ઘડે છે, એ વાત આપણા લક્ષ બહાર ન જવી જોઈએ. વાર્તા શુદ્ધ આનંદ આપે છે, તેથી જ તેનામાં જીવનને ઘડવાની શક્તિ રહેલી છે. (વાર્તાનું શાસ્ત્ર ખંડ પહેલો, વાર્તાની પસંદગી, પૃ.૨૮)

વાર્તાનું શાસ્ત્રમાં ગિજુભાઈ કેવળ વાર્તાનાં ઉદ્દેશ અને પસંદગીની વાત કરી અટક્યા નહીં. તેમને ખૂબ ઝીણવટથી બીજાં બધાં પાસાંઓની

ફેરતપાસણી કરી—વાર્તાઓનો ક્રમ, વાર્તાને કહેવા યોગ્ય કેમ બનાવવી, વાર્તા કેવી રીતે કહેવી, વાર્તાનો વિશિષ્ટ ઉપયોગ, વાર્તાનું કથન અને નીતિશિક્ષણ...

૧૯૨૩માં પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું કે "આ પુસ્તકમાં, મારો વાર્તાકથનનો છેલ્લાં દસ વર્ષનો અનુભવ અને વાર્તાશાસ્ત્ર ઉપર મારા વાચવામાં જે આવ્યું છે. તેનો સાર યથામતિ આપવા પ્રયત્ન કરેલ છે." અને આગળ તરત જ ઉમેર્યું કે "એક ગ્રંથકાર લખે છે કે 'હરકોઈ પુસ્તક બહાર પડ્યા પછી પાંચ જ મિનિટે જૂનું થઈ જાય છે.' અત્યારે આ પુસ્તક સંપૂર્ણ છે એમ લખવાની ધૃષ્ટતા કરું તોપણ આવતી કાલે તેમાં ઉમેરવાનું ઘણું નીકળશે એમ માનું છું. પણ એનું જ નામ શાસ્ત્ર. અને એથી જ આ પુસ્તક અપૂર્ણ રહ્યું હોય તોપણ મને સંતોષ છે.' (વાર્તાનું શાસ્ત્ર,બે બોલ, ૨૦-૧૧-૧૯૨૩)

ગિજુભાઈએ વાર્તાસામગ્રીને ક્યારેય શિલાલેખ નહોતા આલેખતા; વાર્તાસ્વરૂપને તેઓ તરલ અને સતત વિકસતા જતા સાહિત્ય લેખે જોતા અને એમ માનતા કે આ સાહિત્ય સ્વરૂપસમાજના બદલાતા સંદર્ભો અને સંજોગોનું પ્રતિબિંબ છે. તેઓ માટે વધુ મહત્ત્વનું એ હતું કે વાર્તાના હાર્દને જાળવીને બદલાતા સંદર્ભ-સંજોગ મુજબ કહેવી.

એક વાર જેવા સ્વરૂપમાં લોકોને વાર્તા ગમતી હતી, તેમને જોઈતી હતી અને તેમના પાનને પાત્ર હતી તેવા જ સ્વરૂપમાં રહેલી વાર્તાઓ આજે પણ આપણને ગમે અને આપણા મનને પામે, એમ માની લેવાની ભૂલ આપણે ન જ કરીએ. વાર્તાના મૂળ પ્રાણને આંચ ન આવે એવી રીતે વાર્તાની ભાષામાં, રચનામાં અને અને પ્રગતિના વહેવા સાથે ફેરફારો થયા જ કરે છે. એ ફેરફારોને લીધે જ વાર્તાઓ જૂની છતાં નવા જમાના સાથે ચાલતી આવેલી છે, અને એવા જ યોગ્ય ફેરફારો થતા જશે, એટલે ભાવી જમાના સાથે વર્તમાન વાર્તાઓ ભવિષ્યકાળમાં પેસશે.(વાર્તાનું શાસ્ત્ર, ખંડ પહેલો,વાર્તાઓનેકહેવા યોગ્ય કેમ બનાવવી, પૃ. ૧૦૨)

આજથી લગભગ સો વર્ષ પહેલાં પણ 'યોગ્ય' વાર્તા કઈ અને કઈ નહીં તેના પર ગિજુભાઈએ પોતે મથામણ કરી હતી.

આપણી આજની દૃષ્ટિમાં અને ભૂતકાળની દૃષ્ટિમાં, વર્તમાનકાળની દૃષ્ટિમાં અને ભવિશ્કાળની દૃષ્ટિમાં અનીતિપ્રેરક વાર્તાઓની વ્યાખ્યા સંબંધે દૃષ્ટિકોણ બદલવાનો જ. નીતિના વિષયમાં આજે આપણને જે અનિષ્ટ લાગે, તેનું પ્રતિપાદન કરનારી વાર્તાઓ આજે આપણે ન જ કહીએ. જે વાર્તાઓ માણસને નૈતિક બળમાંથી નીચે પાડે, તે વાર્તાઓ આપણે છોડી દઈએ. (વાર્તાનું શાસ્ત્ર, ખંડ પહેલો,વાર્તાની પસંદગી પૃ. ૩૮)

આજે ટેકનોલોજીનો વિસ્ફોટ થયો છે; કૂદકે અને ભૂસકે જ્ઞાનની નવી ક્ષિતિજો ખૂલતી જાય છે.એકવીસમી સદીના આ બીજા દાયકાનાં બાળકોને માહિતી અને મનોરંજન માટે અનેક સાધન-સંપત્તિ સહેલાઈથી અને આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. જે વાર્તાઅઓ ૧૯૨૩-૧૯૩૯ના સમાજ, સમયઅને પર્યાવરણના સંદર્ભમાં બાળકોને વહાલી હતી, બની શકે તેમાં આજના બાળકોને રસ ન પડે. ગિજુભાઈની બધી બાળવાર્તાઓ આજે સ્વીકાર્ય ન પણ બની શકે. આજે વાર્તાઓનું પુનર્વલોકન કરતી વેળાએ જે-તે વાર્તાનું ઔચિત્ય તપાસતાં એ પણ યાદ રાખવું અને મહત્ત્વનું બની રહે છે કે કેવા સામાજિક-શૈક્ષણિક સંદર્ભમાં બાળકોને આ વાર્તાઓ પીરસાઈ રહી છે.આજના સમાજ, શૈક્ષણિક પર્યાવરણ અને ગુજરાતી ભાષા ખુદની સામે અનેક પડકારો છે. આવા સંદર્ભમાં એક પડકાર એ પણ છે કે ગુજરાતનાં લોકજનની લહેજત જાળવતા આજના ફ્યુઝનયુગમાં બાળકોને ભાવતો સ્વાદ કઈ રીતે પીરસવો. સહુથી મહત્ત્વની વાત એ છે કે આનો નિર્ણય કોણ કરે.શિક્ષણવિદો અને વાર્તાકારો માટે ખરો પડકાર હોય તો તે છે યોગ્ય પસંદગી અને સર્જનાત્મક વાર્તાકહેણી.

બદલાયેલા સંદર્ભને યોગ્ય વાર્તાઓનું ચયન, સંપાદન અને પુનર્કથન કરતી વખતે કદાચ હજી પણ ગિજુભાઈએ આપેલું 'તલિસ્માન' રસ્તો બતાવી શકે :

"લ્યો આ બાળવાર્તાઓ. તમે તે બાળકોને કહી સંભળાવજો . બાળકો હોંશેહોંશે વારંવાર સાંભળશે...પણ ભાઈ એક વાત ન કરતા. વાર્તાબાળકોને ગોખાવશો નહિ; તેમની પાસેથી કઢાવજો નહિ; પરીક્ષાને માટે તેમને ભણાવશો નહિ. ...મોટા પંડિત થઈને વાર્તા કહેશો નહિ. જ્ઞાન આપવા બેસશો નહિ; તટસ્થ રહેશો નહિ. વાર્તામાં તમે પોતે નહાજો અને બાળકોને નવડાવજો."(૧૯૨૫માં પ્રકાશિત બાળવાર્તાઓની પ્રસ્તાવનામાં ગીજુભાઈનો શિક્ષક ભાઈબહેનોને સંદેશ)

*મમતા પંડ્યા કેળવણીકાર છે. તેમણે શિક્ષકો અને બાળકો માટે ઘણું લખ્યું છે. ગિજુભાઈની અનેક બાળવાર્તાઓનું અંગ્રેજીમાં પુનર્કથન પણ કર્યું છે. તેઓ ગિજુભાઈ બધેકાના દોહિત્રી છે.*

---

## બાળસાહિત્યની ગુણવત્તા માટે પરામર્શન આવશ્યક

**ઈશ્વર પરમાર**

**'નિરીક્ષક'માં** ચાલતી ચર્ચા પ્રમાણે ગુજરાતી બાળસાહિત્યની ગુણવત્તા અંગે આવશ્યક ચર્ચા-વિચારણા પછી તેની સુધારણા માટે નક્કર નિર્ણયો લઈને જરૂરી વ્યવસ્થા ગોઠવાય તે માટે મોડા પડ્યા છીએ પણ હવે તો સમય છેક પાકી ગયો છે. રજનીકુમાર પંડ્યાએ દર્શાવેલ છે તેવી બાળકો માટેની કહેવાતી અયોગ્ય કૃતિઓ આજે પણ પ્રસિદ્ધ થતી જોવા મળે છે. ભૌતિક દૃષ્ટિએ આકર્ષક ઢબે એ રીતે પ્રકાશિત થઈને પ્રદર્શિત થાય. તેનું વેચાણ થાય; વાલીઓ અને શિક્ષકો દ્વારા તે કહેવાતી થાય કે બાળકો દ્વારા વંચાતી થાય - તેને અટકાવવાનો કોઈ ઉપાય નથી.

પરંતુ બાળસાહિત્યકારો અને પ્રકાશકો જો સહકાર આપે તો પ્રકાશિત કરવા માટેની બાળસાહિત્યની હસ્તપ્રતોને તેઓ નિયત સંસ્થા કે સમિતિ પાસે પરામર્શન કરાવતા રહે તે ઇચ્છનીય છે. પરામર્શન કરનારનાં નામ પણ પુસ્તકમાં છપાવાં જોઈએ. વાલીઓ અને શાળાઓ કે પુસ્તકાલયો પણ બાળસાહિત્ય ખરીદતાં પહેલા પરામર્શકોના નામ વાંચીને જ તે ખરીદે તે સલાહભર્યું છે. પૂર્વે રચાયેલી બાળસાહિત્યની કેટલીક કૃતિઓનું પણ અધિકૃત કલમેથી પુનર્લેખન થવું જરૂરી છે. પ્રવીણભાઈ શાહ દ્વારા ગિજુભાઈની કેટલીક કૃતિઓનું અને રતિલાલ બોરીસાગર દ્વારા બકોર પટેલની વાર્તાઓનું થયેલ સમયાનુરૂપ પુનર્લેખન નમૂનેદાર લેખાય.

બાળસાહિત્યની ગુણવત્તાની બાબતે 'હશે-થશે'ની માનસિકતાને ફેંકી દઈને આપણે બાળકો પ્રતિની બેવફાઈ કરતા અટકીએ તે ભાવિ ભારતની માનસિક-સાંવેગિક તંદુરસ્તી માટે જરૂરી છે. આ સમગ્ર ચર્ચા માટે 'નિરીક્ષક' જે ભૂમિકા નિભાવે છે તે પ્રશંસનીય છે.

'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા ૩૬૧૩૩૫